Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૯૮૬૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૨/૦૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

/- આ સાથે સામેલ પત્ર જાણ અને અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

सत्यमेव जयते

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

## સ્કોલરશીપ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ક્રમાંક:ફ-૨/સ્કો/૨૦૨૩/૯૨૦-૯૫૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોકનં:૧૨/૨,ડાં.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા.૨/૮/૨૦૨૩

પ્રતિ.
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા તમામ

વિષય:- રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલનો ઉપયોગ કરવા બાબત. (સને.૨૦૨૩-૨૪)
સંદર્ભ:- શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃતિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃતિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. જેનો અમલ કરવામાં આવેલ છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને ગ્રાન્ટેડ શાળાના વિધાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃતિ યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે વિકસાવવામાં આવેલ ઓનલાઈન પોર્ટલની મદદથી દર વર્ષે શિષ્યવૃતિ ચૂકવવામાં આવે છે.

જેનું વેબએડ્રેસ http://WWW.digitalgujarat.gov.in છે. જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૨૩-૨૪ ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે જણાવવામાં આવે છે. જેમાં અરજી કરવા માટેની તમામ સૂચનાઓ આપવામાં આવેલ છે. યોજનાની વિગતો પોર્ટલ ઉપર મુકવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

સરકાર અને ગ્રાન્ટેડ શાળાના વિધાર્થીઓ રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃતિ યોજનાનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે શાળા/સંસ્થાના નોટીસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ જ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા અને પાત્રતા ધરાવતો કોઈ વિધાર્થી આ શિષ્યવૃતિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરશો.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના શાળા કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને અને સદર કાર્યવાહી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સુચના આપવા જણાવવામાં આવે છે.

ઓફ લાઈન મેન્યુઅલ અરજી પત્રકો અત્રે સ્વીકારવામાં આવતા નથી. તેની જાણ સબંધિત વિધાર્થીઓને કરશો. તેમજ આપની શાળાનો કોઈ વિધાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખીને આ બાબતને ટોચ અગ્રતા આપીને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.
નોંધ ઉપર માન. નિયામકશ્રીના આદેશાનુસાર.

ઉપાધ્યાય

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી
ગુ.રા., ગાંધીનગર